**મ્યુનિસિપલ કમિશનર સામે વસમો વિકલ્પ આવી પડ્યો હતો. બાળકોના બાગ માટે રીઝર્વ પ્લોટ ડી-રીઝર્વ કરીને જમીન માફિયાને ન જેવે ભાવે આપી દો અથવા તમારા હોનહાર ભત્રીજાનાં આંગળાં કપાવો! હા, એ ભત્રીજો હોનહાર સિતારવાદક હતો. જો એના આંગળાં જ કપાય તો... પણ બદમાશો અને કમિશનરની વચ્ચે પડી હતી એક કિશોરી...**

# અવાજ નાનકડો, નાજૂક હતો, પણ એમાં આત્મવિશ્વાસનો રણકો હતો!

## રહસ્ય ચક્ર

★ યશવંત મહેતા

## હોનહાર-2

મમ્મી અને પપ્પા બન્ને ચોંકી ગયાં. અવાજ નાનકડો હતો. નાજૂક હતો પણ એમાં આત્મવિશ્વાસનો રણકો હતો. એ અવાજ પારખીને મમ્મી બોલી ઊઠયાં, ‘અરે, રાધિકા તું હજુ જાગતી બેઠી છે? મધરાત થઈ, બેટા.’

‘હું ક્યારનીય કિન્નરનો અવાજ સાંભળું છું મમ્મી, અને વિચાર કરું છું.’ પપ્પા જરાક અકળાઈ ગયા. મોટેથી બોલ્યા, ‘આ છોકરાની રમત નથી, રાધિકા! તારું આમાં કામ નહિ. આ ખૂબ જ ગંભીર મામલો છે.’ ‘મને ખબર છે પપ્પા. મામલો ગંભીર છે અને હું પણ પૂરેપૂરી ગંભીરતાથી જ વાત કરું છું.’ દીકરીના અવાજમાં જોશ હતું. મક્કમતા હતી. એનાં મમ્મી-પપ્પા માટે સહેજ ઠપકો પણ હતો. તે ઘણી વાર આ લોકો પર ચીડાઈ જતી. અરે, આ લોકો કુદરતને અક્કલની નજરે કેમ નથી નિહાળતાં! કોઈ પણ જાતનો લાંબો વિચાર કર્યા વિના નિર્ણયો બાંધી લે છે. એમને શું કહેવું!

હમેશાં તો પપ્પા પોતાની હોંશિયાર દીકરીનો ઠપકો પણ સાંભળી લેતા પણ આજે જરાક તોછડાઈથી એમણે કહ્યું, ‘રાધિકા! તું તારા રૂમમાં જઈને સૂઈ જા. અમારી સામે એક વિકટ સમસ્યા આવી પડી છે. એમાં ગંભીર વિચારની જરૂર છે. બાળક બુદ્ધિની નહિ.’

આટલું બોલીને પપ્પા વળી મમ્મી ભણી વળીને કહેવા લાગ્યા, ‘તું ચિંતા ન કર. સોમવારની બેઠકમાં હું હાજર નહિ રહું તો ય પેલો ભ્રષ્ટાચારી અર્જુન દેસાઈ ફાવશે નહિ કારણ કે એનો એક ટેકેદાર હનુમાનસિંહ સોમવારે મત નહિ આપી શકે. એને મોટર અકસ્માતમાં સખત વાગ્યું છે અને એ હોસ્પિટલમાં પડ્યો છે એટલે બગીચા તરફીઓ અને અર્જુનના તરફદારો, બન્ને બાજુ સરખા મત પડે એમ છે. આખરે મેયર લીલાનંદના મત પર ઘણો આધાર રહેશે અને લીલાનંદ તો શહેરનો વડો છે. નગરપિતા છે. એ બાળકોના બગીચાની તરફેણ કરશે. મારી કમિશનરની દખલગીરીની જરૂર જ નહિ પડે.’

‘લીલાનંદ તો ગંધાય છે બ્રેડ બિસ્કિટની વાસથી.’

એ અવાજ વળી રાધિકાનો હતો.

‘રાધિકા! હવે તું ચૂપ રહીશ?’ મમ્મી બોલી ઊઠી.

પણ પપ્પાના ચહેરા પર સ્મિત ફરકી ગયું. એ બોલ્યા ‘રાધિકા સાચું કહે છે. લીલાનંદ આપણા શહેરની એક મોટી બેકરીનો માલિક છે. રાધિકા એને એક-બે વાર મળી છે. લીલાનંદ સાચે જ બ્રેડ અને બિસ્કિટના મોટા પોટલા જેવો છે અને એના શરીરમાંથી એવી વાસ આવે છે.


પપ્પાને હળવા મૂડમાં આવેલા સાંભળીને રાધિકાને વળી થોડી હિંમત મળી. એ ઉત્સાહથી બોલી, ‘પપ્પા, કિન્નરભાઈને છોડાવવાનો એક ઉપાય મને સૂઝે છે. મને લાગે છે કે એ કારગત નીવડશે.’

મમ્મીનાં ભવાં ચડી ગયાં. નાકનું ટેરવું ઊંચું થયું. એ બોલ્યાં, ‘રાધિકા! એક વાર તારા મગજમાં રાઈ ભરાય એટલે પછી કાઢવી ખૂબ મુશ્કેલ છે, ખરું ને! સારું, ભાઈ! તું બોલી જ નાખ એટલે પછી હું તને સુવાડી દઉં અને તું વચ્ચે બોલતી બંધ થાય.’

મમ્મી એવી રીતે બોલ્યાં કે રાધિકાને વળી ગુસ્સો ચડી ગયો. પણ અત્યારે મમ્મીની બોલી ઉપર રીસાવાનો સમય નહોતો. અત્યારે મોટું અને મહત્ત્વનું કામ કિન્નરભાઈને શોધી કાઢવાનું અને છોડાવવાનું હતું. એ બોલી, ‘તમે બંનેએ કિન્નરના અવાજનું રેકોર્ડિંગ તો સાંભળ્યું. એનો અવાજ સાંભળ્યો પણ તમે આજુબાજુના ખરેખરા અવાજો સાંભળવાનું ચૂકી ગયાં લાગો છો.’

‘આજુબાજુના અવાજો?’ મમ્મી પૂછી બેઠી.

‘ખરેખરા અવાજો? એ વળી કયા?’ પપ્પાએ પણ નવાઈ પામતાં પૂછ્યું.



**રેકોર્ડિંગમાં તમે જળકૂકડી અને ઢેંકબગલાના અવાજ ન સાંભળ્યાં? એ પંખીઓ આખો દિવસ પાણી પર તરતા રહે છે અને ચૂપચાપ ખોરાક શોધે છે પણ સાંજની વેળા પોતાના માળામાં આવીને કલબલાટ કરે છે. આ કલબલાટ સૂર્યાસ્ત પછી થોડી વારે બંધ પડી જાય છે. વળી તમરાં પણ સાંજ પડ્યે બોલવા લાગે છે. એટલે રેકોર્ડિંગ થયું ત્યારે સાંજ પડી ગઇ હતી પણ રાત થઇ નહોતી**

‘એક અવાજ તો તમરાંનો’ રાધિકાએ કહ્યું.

‘તમરાંના અવાજની શી નવાઈ?... તમરાં તો આખી પૃથ્વી પર બોલે છે. બધે એમનો અવાજ સંભળાય છે.’

‘એ વાત ખરી’, રાધિકા સ્પષ્ટ સ્વરે બોલી. ‘પણ લુત્ઝ નામના જંતુશાસ્ત્રીએ કહ્યું છે કે તમરાંના અવાજને અને આજુબાજુના વાતાવરણના ઉષ્ણતામાનને સીધો સંબંધ છે. અમુક ઉષ્ણતામાન હોય ત્યારે તમરાં વધુ અવાજ કરે છે અને અમુક ઉષ્ણતામાને એ ઓછો અવાજ કરે છે. મિનિટદીઠ એમના અવાજોને આધારે વાતાવરણમાં કેટલી ગરમી હશે તે માપી શકાય છે. મેં આ રેકોર્ડિંગમાં સંભળાતા તમરાંના અવાજ પરથી ગણી કાઢયું છે કે ઉષ્ણતામાન ચોરાણું અંશ હશે. પાંત્રીસ સેલ્સીઅસ.’

રાધિકાની આ અજાયબ વાત સાંભળીને મમ્મી-પપ્પા તો સડક જ થઈ ગયાં. બાઘાની જેમ એકબીજાને જોઈ રહ્યાં. પછી મમ્મીએ કહ્યું, ‘અચ્છા, રાધિકા, સમજ્યાં કે કિન્નરનો અવાજ જ્યાં ટેપ કરવામાં આવ્યો ત્યાં ચોરાણુ અંશ સેન્ટીગ્રેડ ઉષ્ણતામાન હતું. પણ એથી શું?’

રાધિકા કહે, ‘મમ્મી! અત્યારે એપ્રિલ મહિનો અધવચ્ચે છે. આપણા રાજ્યમાં આવા ઉનાળામાં સાંજની વેળા આટલું ઓછું ઉષ્ણતામાન હોય એ અજબ નથી લાગતું? બહુ થોડી જગાએ આટલું ઓછું ઉષ્ણતામાન હોઈ શકે. બાકી અત્યારે તો પારો એકસો દસ અને પંદરની આસપાસ રહે છે. ચાળીસ-બેંતાળીસ સેલ્સીઅસ.’

પપ્પા બોલી ઊઠયા, ‘રાધિકા, તેં સાંજની વેળા કેમ કહી? કદાચ એરકંડિશન્ડ રૂમમાં અવાજ રેકોર્ડ થયો હોય. તો પણ ઉષ્ણતામાન...’

‘પપ્પાજી, એવા રૂમમાં તમરાંના અવાજ ન સંભળાય!’ રાધિકાએ પપ્પાનો કાન પકડ્યો. ‘વળી રેકોર્ડિંગમાં તમે જળકૂકડી અને ઢેંકબગલાના અવાજ ન સાંભળ્યાં? એ પંખીઓ આખો દિવસ પાણી પર તરતા રહે છે અને ચૂપચાપ ખોરાક શોધે છે પણ સાંજની વેળા પોતાના માળામાં આવીને કલબલાટ કરે છે. આ કલબલાટ સૂર્યાસ્ત પછી થોડી વારે બંધ પડી જાય છે. વળી તમરાં પણ સાંજ પડ્યે બોલવા લાગે છે. એટલે રેકોર્ડિંગ થયું ત્યારે સાંજ પડી ગઈ હતી પણ રાત થઈ નહોતી.’

મમ્મી વળી બોલી ઊઠયાં. ‘રાધિકા, તું અત્યારે તારા સ્કાઉટ કેમ્પમાં નથી. આ બધી કલ્પનાઓ કરવાનું છોડ. સીધી રીતે કહી દે કે આ અવાજો પરથી કિન્નરનો પત્તો શી રીતે લાગે?’

પણ રાધિકાએ તો મમ્મીની વાત એક કાને સાંભળીને બીજે કાનેથી કાઢી નાખી. પોતાની મોટી મોટી બુધ્ધિમાન આંખો પપ્પાજી પર માંડીને એ આગળ બોલી, ‘ટેપમાં દેડકાના અવાજ પણ સંભળાય છે. એટલે કે જ્યાં રેકોર્ડિંગ કરાયું છે એ જગા પાણીકાંઠાથી દૂર નથી.’

પપ્પા કહે, ‘તમારી એ વાત પણ માનીએ, રાધિકા, પણ આટલું જાણવાથી કાંઈ કિન્નર મળી જવાનો નથી.’

પણ પપ્પાનેય બોલતા અટકાવીને રાધિકાએ ઝટ કહ્યું, ‘આપણે ગુજરાતના એક એવા શહેરમાં રહીએ છીએ જેની આસપાસ મોટાં જળાશયો બહુ થોડાં છે. અહીંયા ઓકટોબરથી વરસાદ થયો નથી. એમાં વળી આકરો ઉનાળો. ઘણાંખરાં તળાવ સુકાઈ ગયાં છે. ઢગલાબંધ ખોરાક મળી રહે એવાં તળાવ ઓછાં છે. વળી, એ તળાવ પણ એટલું મોટું હોવું જોઈએ જેની ઉષ્ણતામાન પર અસર પડે.’

‘એવું તળાવ તો-’

‘એવું એક તળાવ આપણું નળ સરોવર છે,’ રાધિકાએ આગળ કહ્યું. ‘એને જ કાંઠે ઘણાં મોટાં ઘઉંનાં ખેતરો છે. આમાંનાં કેટલાંક ખેતરો આપણા શહેરના શેઠિયાઓના છે. એમણે પોતાની બે નંબરી આવકને ખેતીની કરમુક્ત આવક તરીકે ઠસાવવા માટે એ ખેતર રાખેલાં છે પણ એ વાત અત્યારે જવા દઈએ. મૂળ વાત એ છે કે આમાંના કેટલાકે પોતાના ખેતરો પર, ફાર્મ પર મકાન બાંધેલાં છે. આવું કોઈક ફાર્મ તમારા અર્જુન દેસાઈનું કે એના મિત્રનું હોઈ શકે. ત્યાં કિન્નરભાઈને રાખવામાં આવ્યા હશે.’

મમ્મી એકદમ સોફામાંથી ઊભી થઈ ગઈ. ‘સાંભળ્યું તમે? આ રાધિકાની વાત મને સાચી લાગે છે.’

પપ્પાએ ગંભીરતાથી ડોકું ધુણાવ્યું. ‘હં, મને પણ લાગે છે કે એ સાચું કહે છે. હું અત્યારે જ શહેરના પોલીસ કમિશનરને ફોન કરું છું. એ અર્જુન દેસાઈ અને એના દોસ્તોનાં ફાર્મહાઉસોની તપાસ કરે અને દરોડા પાડે... જો કિન્નર મળી જાય તો ભલે, નહિતર...’

એ વખતે દિવસે સવારે પોલીસે રાધિકાના વર્ણન મુજબના પાંચ ફાર્મ પર દરોડા પાડ્યા. એમાંના એક ફાર્મ પર મકાનમાં કિન્નર અને બે ગુંડાઓ મળી આવ્યા. કિન્નરના હાથપગ બંધાયેલા હતા. ઓરડાના ખૂણામાં ગુંડાઓ ઊંઘતા હતા. પોલીસે એમને લાતો મારીને જગાડ્યા.

આમ, કિન્નરને છોડાવીને અને ગુંડાઓને બાંધીને શહેરમાં લાવવામાં આવ્યા.

એ સાંજે પોલીસ કમિશનર જાતે રાધિકાને એની બુદ્ધિ અને હોંશિયારી માટે અભિનંદન આપવા ઘેર આવ્યા.

પપ્પાએ એમને પૂછ્યું, ‘પેલા ગુંડાઓની શી કેફિયત છે?’

કમિશનરે જણાવ્યું, ‘એ બંને આપણા શહેરના લુખ્ખા દાદા છે. એ કહે છે કે જે માણસે અમને આ કામ કરવા રાખ્યા હતા એણે વેશપલટો કરેલો લાગતો હતો. એના મૂળ શરીરનું વર્ણન તો ગુંડાઓ કરી શકે તેમ નથી. માત્ર એટલું કહે છે કે એ માણસની હાજરીમાં અમને ભૂખ લાગતી હતી. રોટલા સાંભરતા હતા. મને લાગે છે કે ગુંડા બેત્રણ દિવસના ભૂખ્યા હશે.’ કમિશનરની આ વાત સાંભળતાં જ પપ્પા ચોંકી ગયા, મમ્મીનો નાસ્તો પીરસતો હાથ થંભી ગયો અને રાધિકા ખડખડાટ એવી હસી પડી કે કમિશનર ડઘાઈ ગયા... આટલી વાત કહી દીધા પછી સુનીલ ચેટરજીએ મહેમાનોને સવાલ પૂછયો, ‘બોલો, કિન્નરનું અપહરણ કરનારનો ખ્યાલ આવે છે?’

**(વાચકમિત્રો, બોલો તમને ગુનેગારનો ખ્યાલ આવે છે, ના વાત જરાય અઘરી નથી. ઘડીક વિચારો. જવાબ શોધો પછી આવતે અઠવાડિયે ખુલાસો થશે.)**